## <u>મહે.ઝાલોદના એડી.ચીફ જયુડી મેજી.જજ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.ઝાલોદ.</u>

ક્રિ.કેસ નં. ૨૪૯/૨૦૨૬
આંક –

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી – સિકંદરભાઈ હકુભાઈ ભગોરા
રહે. વેલપુરા ભગોરા ફળિયુ , તા. ઝાલોદ, જી. દાહોદ

**ગુન્હો :– <u>બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબ..</u>**

<u>:: ઠરાવ ::</u>

- ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી પોતાની તથા બીજા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે જાહેર માર્ગ ઉપર ચલાવી લાવી જાહેર વ્યવસ્થા ખોરવી પકડાઈ જઈ ગુન્હો કરેલ હોય.તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતા ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઈશ્યુ કરાતા આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરશીશ રજુ કરતાં તે પુરશીશ રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે અને આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જે પ્લીમાં તેમની સામેના ગુનાનું તહોમતનામું વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે.
- આરોપી તેમની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપીઓ ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુટુંબના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીએ. અમારા કુટુંબની ભરણપોષણની જવાબદારી અમારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહતમ સજા ન કરી અમો પર દયા કરવા નામ.કોર્ટને વિનંતી છે.
- હાથ ઉપરના કેસમાં આરોપીને કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે તેમ છતા તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–// હુ ક મ //–</u>**

- આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૫ મુજબ બી.એન.એસ. કલમ–૨૮૧ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડના ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ– ૧૪મી, માહે– માર્ચ , સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪ / ૦૩ / ૨૦૨૬
સ્થળ : ઝાલોદ.

**( એસ.એ.ટેલર )**
એડી.ચીફ જયુડી. મેજી.,
ઝાલોદ.